# વ્યાખ્યાન 60 - જૈનાચાર્યો દ્વારા જૈનેતર સાહિત્ય પરના વિવેચન

ડૉ. જિતેન્દ્ર શાહ

જૈનાચાર્યો દ્વારા અન્ય દર્શનમાં ગ્રંથોના વિવેચન લખવાનું એક આશ્ચર્યજનક કાર્ય થયું છે. પ્રશ્ન એ થાય કે જૈનાચાર્યો અન્ય દર્શનોનાં ગ્રંથો પર વિવેચન શા માટે લખે ? એની પાછળનાં કારણો જાણવા જોઈએ. ભારતમાં વર્તમાનમાં જેટલી હસ્તપ્રતો છે તેની 20% હસ્તપ્રત જૈન સાહિત્યની જ છે, આટલું વિપુલ સાહિત્ય અને સુદ્રઢ પરંપરા જૈન ધર્મ ધરાવે છે તો આચાર્યોને અન્ય ગ્રંથોનાં દર્શન વિષે લખવું આવશ્યક શા માટે લાગ્યું ? આ એક ચિંતનીય પ્રશ્ન છે. આ પ્રશ્નની ચર્ચા કરતા પૂર્વે જૈન ધર્મની લાક્ષણિકતાઓ વિશે જાણવું જોઈએ.

જૈન ધર્મની લાક્ષણિકતાઓ : તેમાં મુખ્ય પાંચ પ્રકારના જ્ઞાનનો સમાવેશ થાય છે.

૧)મતિ જ્ઞાન

૨)શ્રુત જ્ઞાન

3)અવધિજ્ઞાન

૪) મન:પર્યાય જ્ઞાન

૫) કેવળજ્ઞાન

મતિ, શ્રુત અને અવધિ એ જ્ઞાન છદ્મસ્થને હોય છે. મન: પર્યાય જ્ઞાન સંયમીને હોય છે અને અતિક્રમોનો ક્ષય કર્યો છે તેવા આત્માઓને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન મોટે ભાગે બધાના જીવનમાં ઓછાવત્તા પ્રમાણમાં જોવા મળે છે.મતિજ્ઞાન એટલે આપણી મતિ, બુદ્ધિ અને શ્રુતજ્ઞાન એટલે સાંભળવું, બોલવું, વાતચીત કરવી આ બધાં જ્ઞાનનો સમાવેશ થતો હોય છે. શ્રુતજ્ઞાનના મુખ્યત્વે બે ભાગ પડે છે : મિથ્યા શ્રુતજ્ઞાન અને સમ્યક શ્રુતજ્ઞાન. જૈનાચાર્યોએ ક્યાંય એમ ન કહ્યું કે જૈન ધર્મ એટલે સમ્યક શ્રુતજ્ઞાન અને અન્ય ધર્મ એટલે મિથ્યા શ્રુતજ્ઞાન. જૈનાચાર્યોએ અન્ય ધર્મના જ્ઞાનને પણ સમ્યક્ શ્રુતજ્ઞાન કહ્યું છે. જૈનાચાર્ય શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરતાં તેની વ્યાખ્યા આપે છે કે કોઈપણ શ્રુતજ્ઞાન મિથ્યા કે સમયક્ શ્રુતજ્ઞાન નથી પરંતુ તે જ્ઞાનને ધારણ કરનારના આધારે ભેદ પડતા હોય છે. શ્રુત સમ્યક બને છે અને શ્રુત મિથ્યા બને છે. પછી ભલે તે જૈન આગમો હોય તો તે પણ જો મિથ્યાર્થીના હાથમાં જાય તો તે મિથ્યાશ્રુત બની જાય છે અને સમ્યક દ્રષ્ટિના હાથમાં બાઈબલ, કુરાન કે અન્ય ગ્રંથ આવે તો તે પણ સમ્યક શ્રુતજ્ઞાન બને છે.

અધિકારી અને ઉપયોગ કરનાર કેવા છે તેના આધારે શ્રુતજ્ઞાનના ભેદ પડે છે. એવો વિશિષ્ટ પ્રકારનો ભેદ અન્ય ક્યાંય જોવા મળતો નથી. જ્યારે કે અન્ય દર્શનમાં સ્વધર્મનું જ્ઞાન એ સમયક્ શ્રુતજ્ઞાન છે અને અન્ય ધર્મનું જ્ઞાન એ મિથ્યા શ્રુતજ્ઞાન છે એવી વ્યાખ્યા જ્ઞાન માટેની પ્રાપ્ત થાય છે. આમ, જૈનાચાર્યો પાસે આવેલ કોઈપણ શ્રુતજ્ઞાન આવ્યું છે તે સમ્યક બન્યું છે. જૈન ધર્મમાં કોઈપણ શ્રુતજ્ઞાનનું અધ્યયન કરવું, પરિશીલન કરવું, વિવેચન કરવું વગેરે કોઈ માટે નિષેધ નથી. આવી નાનીથી મોટી મહત્ત્વની બાબતો જૈનાચાર્યોએ ઊંડી વિશેષતાઓયુક્ત લખેલ વિવેચનગ્રંથોમાં મળી આવે છે જે આજે પણ જૈન સમાજ માટે ખૂબ ઉપયોગી નીવડે છે.

'અનેકાંતવાદ' જૈનધર્મની આધારશિલા છે. તેના વગર જૈનધર્મની વ્યાખ્યા જ બદલાઈ જાય. જૈનાચાર્યના વિવેચનગ્રંથોનો મુખ્ય હેતુ અને ધ્યેય તો અનેકાંતવાદનો પ્રસાર કરવો જ હતો. દર્શનશાસ્ત્રના શરૂઆતના કાળમાં એટલે કે આગમકાળમાં આગમો ઉપરાંત નિર્યુક્તિ અને ભાષ્યની રચના થઈ ત્યારે સ્વમતનું મંડન કરવું એ જ મુખ્ય પ્રક્રિયા હતી. સમય પસાર થતા અન્ય દર્શનો આ દર્શનના અખાડામાં ઉતરવા લાગ્યા. તેમણે પોતાના દર્શનનું માત્ર વિવેચન કરવાને બદલે પોતાના મતોનું મંડન અને પછી અન્ય મતોનું ખંડન કરવાનું શરુ કર્યું. આમ ખંડન-મંડનની પરંપરા આરંભાઈ. જૈન ધર્મના આચાર્યોએ પણ આ ખંડનોમાં ખૂબ ઊંડા ઊતરી અન્ય દર્શનોના પણ પૂર્ણ રીતે અભ્યાસ કરી સટીક રીતે ઉત્તરો આપ્યાં અને એવા ઉત્તરો આપ્યા કે અન્ય દર્શનોને એનું ખંડન કરવું મુશ્કેલ બની ગયું.

જૈન દર્શનોમાં અન્ય દર્શનની વાતોનો પણ સમાવેશ થાય છે. આપણા જૈન ગ્રંથ ભંડારો છે તેમાં માત્ર જૈન ગ્રંથો જ નથી પણ અન્ય દર્શનના ગ્રંથો પણ છે. ખંભાત, જેસલમેર, પાટણ, અમદાવાદ ગ્રંથભંડાર વગેરે ગ્રંથભંડારોમાંથી ગ્રંથરત્નો મળી આવે છે જે ખૂબ પ્રાચીન અને આજે પણ પ્રકાશિત અવસ્થામાં છે. આ રીતે લુપ્ત થયેલા અન્ય ધર્મના અન્ય દર્શનો જૈન ધર્મના જૈન દર્શનમાંથી મળી આવે છે. પાટણના ગ્રંથભંડારમાં તત્વપલવ સિંહ, મેઘબિંદુની ટીકા, ચાર્વાકનો ગ્રંથ વગેરે પ્રાપ્ત છે. જયસિંહનો ગ્રંથ જેમાં ચાર્વાક દર્શનની યુક્તિઓ અને તેના તારકોનું સુંદર વિવેચન આપણને મળે છે. અર્ચકની ગીતા સમગ્ર વિશ્વમાં જેની એક માત્ર પ્રત જૈનદર્શનના ગ્રંથભંડારમાં મળી આવે છે. ટૂંકમાં જૈનાચાર્ય બધા ધર્મના દર્શનનો અભ્યાસ કરી ચૂક્યા હતા.

આનંદઘનજી મહારાજાએ નેમિનાથ ભગવાનના સ્તવનમાં એમ કહ્યું છે કે, જિનેશ્વર ભગવાનના શાસનને જાણવું હોય તો છ પ્રકારના દર્શનોનો અભ્યાસ કરવો ખૂબ આવશ્યક છે. એમણે ચાર્વાક દર્શનનું અધ્યયન કરવાની પણ વાત કરી. ચાર્વાક દર્શન ભૌતિકવાદી દર્શન **Realistic** દર્શન છે, જે માત્ર ભોગ

ભોગવવાની વાત કરે છે અને તે દર્શનનું પણ અધ્યયન કરવા કહ્યું છે. જૈનદર્શન કોઈપણ ધર્મનું અધ્યયન કરવાનો છોછ અનુભવતો નથી. તે પરથી જૈનદર્શનનો મહિમા જણાઈ આવે છે. આજથી ૧૪૦૦/૧૬૦૦ વર્ષ પહેલાં આચાર્ય સિદ્ધસેન દિવાકર મહારાજે 'દ્વાત્રિંશત દ્વાત્રિંશિકા' રચના કરી હતી તેમાં લખ્યું છે કે અન્ય દર્શનો નદીઓ છે અને જૈન ધર્મ મહોદધિ છે. જેમ સર્વ નદીઓ અંતે મહોદધિમાં જઈને ભળે છે તેમ તેવી રીતે સઘળાં દર્શનો જૈન દર્શનમાં ભળે છે. આ જ વાતને આચાર્ય મલ્લવાદી જુદી ઉપમાઓ આપી સમજાવે છે તેઓ કહે છે કે જેમ એક ચક્ર હોય એ ચક્રમાં આરો હોય અને તે બધાં જ નાભિમાં ભેગા થાય છે, મૂળ કેન્દ્રમાં એક થાય છે તેમ જૈન ધર્મ કેન્દ્રમાં છે અને અન્ય દર્શનનો સમૂહ કેન્દ્રને મળીને ચક્ર પૂર્ણ કરે છે. આચાર્ય સિદ્ધસેન દિવાકર મહારાજે 'સન્મતિ તર્ક'ની અંદર એક પદ્યની રચના કરી તેમાં કહ્યું છે જૈન દર્શન સર્વે મિથ્યા નયોનો સમૂહ છે. જૈન દર્શનમાં બધાં જ સમાય જાય છે. બધી જ નયાત્મક દ્રષ્ટિઓ સમાઈ જાય છે અને એટલે જ જૈન દર્શન કોઈ તત્વોનો અભ્યાસ કરે છે ત્યારે અનેક નયોથી વિચાર કરે છે અને અનેક નયોથી વિચાર કરવો એટલે વિભિન્ન દ્રષ્ટિથી તત્વ વિચાર કરવો.

યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગર સુરિશ્વરજીએ એમના જીવન દરમ્યાન સમકાલીન પ્રશ્નો વિશે, યોગ, કર્મસિદ્ધાંત, આત્મતત્વ વગેરે પર ગ્રંથોની રચના પણ કરી. કર્મયોગ જેવા એમના રચેલા ગ્રંથો આજે પણ જૈન સમાજ માટે ઉપયોગી નીવડે છે. પરમસુખ આત્મતત્ત્વ પર પણ તેમણે ગ્રંથો રચ્યા છે. તેમણે એક મહત્ત્વનો વિવેચન ગ્રંથ આપ્યો. તે ઈશાવાસ્યોપનિષદ પરનું વિવેચન મુખ્ય ઉપનિષદોમાંનો પહેલો ઉપનિષદ છે.

"ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે ।

પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ।।"

આ તેનો શાંતિ મંત્ર છે.

ૐ ઈશા વાસ્યમિદઁ સર્વં યત્કિઞ્ચ જગત્યાં જગત્।

તેન ત્યક્તેન ભુઞ્જીથાઃ મા ગૃધઃ કસ્યસ્વિદ્ધનમ્।।૧।।

આ પ્રારંભિક શ્લોકમાં કહ્યું છે કે આખો ઉપનિષદ વેદ-વેદાંત, અદ્વૈત વેદાંત અને અન્ય વેદાંતના દર્શનો ઉત્પત્તિ સ્થાન મનાય છે. એમાંથી ઘણીબધી વાતો જાણવા મળે છે.ગાંધીજીનો પણ પ્રિય શ્લોક હતો. એમાંથી એમણે ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત આપ્યો હતો. અઢાર શ્લોકોમાં વિસ્તરેલો આ ઉપનિષદ અદ્વૈત વેદાંતનો અર્થ

તારવે છે. આ ગ્રંથ પર વિવેચન કરતી વખતે આચાર્ય બુદ્ધિસાગરે કહ્યું હતું કે એમના મનની ઈચ્છા તો સૌથી પહેલાં ગીતા પર જૈન દ્રષ્ટિથી વિવેચન લખવાનો હતો ત્યાર પછી ચાર વેદો અને પ્રત્યેક ઉપનિષદો પર, પરંતુ શારીરિક અક્ષમતાના કારણે વિવેચનનો પ્રારંભ ઈશાવાસ્યોપનિષદથી કર્યો છે. બુદ્ધિસાગરજીએ એમ કહ્યું છે કે જો બધા જ દર્શન, ગ્રંથો, ઉપનિષદો, પર અનેકાંતવાદની દ્રષ્ટિએ વિવેચન થાય તો સમાજમાં વૈમનસ્ય, ઈર્ષા અને આગ્રહનું વાતાવરણ સર્જાય છે તેનો અંત આવશે. જૈન ધર્મની દ્રષ્ટિએ અર્થ તારવ્યા છે. તેમણે કહ્યું કે કુરાન, બાઇબલ અને બૌદ્ધ શાસ્ત્રને પણ સમ્યક દ્રષ્ટિથી આત્મામાં આધ્યાત્મિક કરીને ઉતારી શકાય તેમ છે. ઉપનિષદો, ધમ્મસૂત્ર અને ભગવદ્દગીતાઓ પર સર્વજ્ઞ મહાવીર ભગવંતના સિદ્ધાંત અનુસાર સ્યાદવાદ ટીકાઓ રચાવી જોઈએ અને એ રચાય તો સમાજને ઘણો મોટો લાભ થાય. તેઓ કહે છે કે આત્માની શુદ્ધિ અને વૃદ્ધિ એ જ જૈન ધર્મનો પરમ હેતુ છે. તેઓ કહે છે કે આ વિવેચન કાર્ય દ્વારા તેઓ પોતે પણ ઘણું જાણ્યા અને શીખ્યા છે. તેમના આ વિવેચન કરવા પાછળનો ઉદ્દેશ તો વૈદિક પરંપરાઓ યોગ્ય રીતે સમજવાનો હતો. ભગવાન મહાવીર પાસે ગૌતમ આવે છે ત્યારે તેમની એક શંકા પૂછે છે, જે વેદની એક પંક્તિનો અર્થ બરાબર ન સમજ્યા હતા અને તેનો યોગ્ય અર્થ વીતરાગ ભગવાન મહાવીરે સંશયનું સમાધાન કરી બતાવ્યું. એવું થઈ શક્યું કારણ કે, ભગવાન મહાવીર વેદોના જાણકાર હતા, તેના તદ્વિદ હતા. અગિયાર ગણધરોને પણ તેમણે આ જ્ઞાન આપ્યું હતું તેમના મનમાં રહેલી શંકાઓ ભગવાન મહાવીરે વેદોના સંદર્ભમાં સમજાવીને દૂર કરીને સંયમના માર્ગે લઈ આવ્યા હતા. જૈનધર્મના આગમ ગ્રંથોના નિર્માતા બન્યા. પરમાત્મા પાસેથી પોતાનાં સંશયનું સમાધાન મેળવીને આખું શ્રુત 'દ્વાશાંગી'ની રચના કરી. જો આપણી આત્મ, આત્મદર્શન, અનેકાન્તવાદી દ્રષ્ટિ થાય તો લાભ થઈ શકે.

અદ્વૈત વેદાંત :

ભારતીય દર્શનશાસ્ત્ર બે વેદાંતનો સ્વીકાર કરે છે. એક દ્વૈત અને બીજું અદ્વૈત. દ્વૈત એટલે બે અને અદ્વૈત એટલે એક જ. વિશ્વનું એક જ અંતિમ સત્ય છે કે એક જ તત્વ વિશ્વમાં છે, એકત્વનો ભાવ એટલે અદ્વૈત. જે બે તત્વો કે વધુ તત્વોનો સ્વીકાર કરે છે તેને દ્વૈત દર્શન કહેવાય. જૈન ધર્મમાં વિશ્વનાં તત્વોને સમજવતાં જીવ અને અજીવ તત્વ કહે છે અને પછી તેનો વિસ્તાર કરે છે. જૈન દર્શન દ્વૈત દર્શન કહેવાય, સાંખ્ય પચીસ તત્વોની વાત કરે છે અને નૈયાયિક સો તત્વોની વાત કરે છે એટલે દ્વૈત દર્શનમાં આવે. વેદાંતના અંતે રચાયેલા ગ્રંથોને વેદાંત દર્શન કહેવાય છે. વેદાંતના અંતે ઉપનિષદો રચાયા અને તે અદ્વૈત દર્શન. શંકરાચાર્યનું અદ્વૈત વેદાંત દર્શન છે. તેઓ એવું માને છે કે બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે.આ જગતમાં બ્રહ્મ એક માત્ર સત્ય છે અને બાકી બધું જ મિથ્યા છે. આમ, તેઓ એક જ તત્વની વાત કરે છે. આવા વિચારો

અદ્વૈત દર્શનમાં આવે. આ સિવાય પણ બૌદ્ધ દર્શનમાં વિજ્ઞાનવાદીઓ વિજ્ઞાનને જ તત્વ માને છે, શૂન્યવાદીઓ શૂન્યને સ્વીકારે છે એટલે તેઓ અદ્વૈતવાદી જ કહેવાય છે.

ઉપાધ્યાય યશોવિજયજીએ પણ અનેક ગ્રંથોની રચના કરી. પતંજલિના 'યોગસૂત્ર' પરથી 'યોગસૂત્ર પરની ટીકા' નામનો તેમનો અગત્યનો વિવેચનગ્રંથ છે. પતંજલિના યોગસૂત્રની વાત કરતો આ ગ્રંથ છે. આજે વિશ્વભરમાં પ્રસિદ્ધ યોગની ચર્ચા થાય છે તેનું ઉદગમ બિંદુ યોગસૂત્રમાં છે. અષ્ટાંગ યોગ દ્વારા યમનિયમથી માંડીને આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર,ધારણા, ધ્યાન અને સમાધિ સુધીની વાત કરી છે. સમાધિ સુધીની યાત્રા કરાવી છે. ઉપાધ્યાય યશોવિજયજીએ આ વિવેચન સંસ્કુતમાં લખ્યું છે. તેમણે પતંજલિના યોગસૂત્રમાં પણ ન પ્રાપ્ત થતાં હોય એવું લખ્યું છે.પતંજલિના યોગસૂત્ર પર ઘણી ટીકાઓ લખાઈ, ઘણા ગ્રંથો પણ લખાયા : વ્યાસનું ભાષ્ય, વિજ્ઞાનભિક્ષુની ટીકા, વાચસ્પતિ મિશ્રની ટીકા લખાઈ છે અને તેના પરથી જે અર્થો તારવ્યા એના કરતા ઉપાધ્યાય યશોવિજયજીના અર્થો વધુ ગંભીર, સ્પષ્ટ અને રુચિકર હતા.

પતંજલિએ પ્રથમ સૂત્રમાં જ સ્પષ્ટ કર્યું છે કે ચિત્તની વૃત્તિઓ પર વિજય મેળવવો એટલે યોગ. તેમણે કહ્યું કે યોગ એ ચિત્તની વૃત્તિ ને શાંત કરીને નિર્વિચાર તરફ લઈ જઈ તેના પર વિજય મેળવે છે. ઉપાધ્યાય યશોવિજયજીને આ સૂત્રમાં કંઈક ખામી લાગતા 'ક્લિષ્ટ' શબ્દ જોડી 'ક્લિષ્ટ ચિત્તવૃત્તિ' એવું સૂત્ર આપ્યું. ક્લિષ્ટ ચિત્તવૃત્તિ એટલે ખરાબ મનની ચિત્ત વૃત્તિઓ પર નિયંત્રણ રાખવું. જ્યાં સુધી ચિત્તની વૃત્તિમાંથી ખરાબ અશુદ્ધ વિચારો નાશ નથી થતા ત્યાં સુધી કોઈ યોગ થતો નથી માટે ચિત્તવૃત્તિ ધરાવનારા જ યોગને પ્રાપ્ત કરી શકે છે. જ્યાં સુધી સર્વ કર્મનો નાશ નથી થતો ત્યાં સુધી ચિત્તની વૃત્તિ શમતી નથી, પછીજ યોગ સિદ્ધ થાય છે. એવું નાનકડું પરિવર્તન કરીને યોગને એકદમ સ્પષ્ટ કરી આપ્યું. ઉપાધ્યજીએ અનેક પોતાના ગ્રંથમાં આવા અનેક પરિવર્તનો કરીને યોગસૂત્ર સમજાવવાનો પ્રયત્ન કર્યો. જૈનાચાર્યો જયારે અન્ય કોઈ દર્શન ગ્રંથ વિશે વિવેચન કરતા તે પૂર્વે તે-તે દર્શનનું ઊંડું અધ્યયન કરતા, તે-તે દર્શનને વધુ સરળતાથી સમજી શકાય તે માટે પ્રયત્નશીલ રહેતા. ઉપાધ્યાયજીએ ધાર્યું હોત તો યોગસૂત્રની ખામીઓનું મંડન કરી શક્યા હોત, સૂત્ર બરાબર નથી કે અયોગ્ય છે,પૂર્ણતા આવતી નથી એમ કહીને પતંજલિની મર્યાદાઓ દર્શાવી શક્યા હોત. પરંતુ તેમને અત્યંત સરળતાથી, મૃદુતાથી કહ્યું કે જો આ એક શબ્દ પરિવર્તન કરવા,માં આવે તો યોગ સિદ્ધ થાય છે. આ પરથી જૈનાચાર્યોનો વિવેક જાણી શકાય છે.

ઉપાધ્યાયજીએ 'કાવ્યપ્રકાશ' પરની વૃત્તિ લખી છે. (સંસ્કૃત ભાષામાં કાવ્ય રચવા માટેનો ગ્રંથ) તેના પર તેમણે વૃત્તિ લખી છે. કલિકાલ સર્વજ્ઞએ પણ સંસ્કૃત ભાષામાં કાવ્યો રચવા માટેનો એક ગ્રંથ રચ્યો છે જેનું નામ 'કાવ્યાનુશાસન' છે. જેમ તેમણે શબ્દાનુશાસન રચ્યું તેમ કાવ્યાનુશાસન પણ રચ્યું. કાવ્યો પર

અનુશાસન કરવા માટે કાવ્યાનુશાસન રચ્યું. આ ગ્રંથ પર ઘણી ટીકા લખાઈ છે પણ એમાં એક શ્રેષ્ઠ ગ્રંથ મનાય તે છે: 'મમ્મટનો કાવ્યપ્રકાશ'. મોટા ભાગના લોકો આ જ ગ્રંથનો ઉપયોગ કરતા હોય છે. આજે પણ વિશ્વવિદ્યાલયોમાં કાવ્ય વિશે અભ્યાસ કરતી વખતે આ ગ્રંથને જાણવું જરૂરી બની જાય છે. તેના પર ૧૦૦૦ થી વધુ વિવેચનો રચાયા છે. તેમાં યશોવિજયજીની ટીકા સ્પષ્ટ ઓળખાઇ જાય છે. જે આ ટીકાને ભણે તેના માટે મૂળ ગ્રંથને સમજવું અત્યંત સરળ બની જાય છે. આમ મૂળ ગ્રંથોની સમજાવટમાં વૃદ્ધિ કરવા માટે જૈનાચાર્યો તેના પર ટીકાઓ લખતા. કાવ્યપ્રકાશની દુર્ગમતા વર્ણવતા કહે છે કે એની ટીકાઓ ઘરે-ઘરે લખાઈ છે પણ છતાં એની દુર્ગમતા અકબંધ છે. કાવ્ય લખવા માટેની પ્રતિભા, છંદ, અલંકાર આદિની વાત એમાં આવરી લેવાય છે. યશોવિજયજીએ કાવ્યપ્રકાશની ટીકા લખી છે એમાંથી સંપૂર્ણ પ્રાપ્ત થતી નથી. આમ છતાં સંસ્કૃત સાહિત્યના મોટા ગજાના વિદ્વાન તપસ્વી નાન્દીએ કહ્યું છે કે ઉપાધ્યાય યશોવિજયજી દ્વારા લખાયેલી ટીકાઓ ખૂબ જ ઓછી પ્રાપ્ત છે છતાં એમાં એટલી વિદ્વત્તા છે જે પૂર્વ ટીકાકારમાં નથી જોવા મળતી. જો કોઈ આ ટીકા વાંચી જાય તો તેના માટે કાવ્યપ્રકાશ ગ્રંથ સમજવો અત્યંત સરળ બની જાય.

ગ્રંથોના બે પ્રકાર પાડવામાં આવ્યાં હતાં. સાધન ગ્રંથો અને સાધ્ય ગ્રંથો. મોટેભાગે આચાર્યો સાધન ગ્રંથો લખતા. સાધન ગ્રંથોમાં સમજવામાં સરળતા મળતી. ભવિષ્યમાં વિવેચન આદિ કરવામાં સહાયક બને.

<u>સાધન ગ્રંથો :</u>

જેના ભણવાથી ભાષામાં પ્રવીણતા આવે, સિદ્ધાંત સમજવામાં સરળતા પડે અને આગળ જતાં વિવેચન આદિ કરવું હોય તો સરળતા રહે. દા.ત. વ્યાકરણ ગ્રંથ. વ્યાકરણનું અધ્યયન કરવાથી ભાષા, શબ્દ, શબ્દનું અનુશાસન,વાક્યની રચના પર અદભુત પ્રભુત્વ પ્રાપ્ત થાય છે. શબ્દભંડોળ પણ થાય છે. જૈનાચાર્યોએ આઠ વ્યાકરણ ગ્રંથ ઉપર છત્રીસ વિવેચનનો લખ્યા છે. આજે એકવીસમી સદીમાં પણ તે ઉપલબ્ધ છે.

<u>કોશ ગ્રંથ :</u>

કોશ ગ્રંથ એટલે ડીક્ષનરી. જૈનો પાસે દરેક ગ્રંથના કોશગ્રંથો સચવાયેલા હતા તેનાથી જ વિવેચન સરળ બન્યું આ શબ્દકોશો પ્રાકૃત, અપભ્રંશ તેમજ સંસ્કૃત ભાષામાં રચાયેલા છે. જૈન આચાર્યો એટલા પ્રમાણમાં ગ્રંથોની રચના કરી શક્યા તે પાછળનું કારણ હોય તો તે કોશ ગ્રંથો છે. 'એકાર્થ શબ્દ કોશ' (એક અર્થનો શબ્દ), એક શબ્દના અનેક અર્થોના કોશ, નિઘંટુ કોશ છે એટલે આયુર્વેદિક શાસ્ત્રોના કોશ છે. દેશ્ય શબ્દકોશ એટલે દેશી શબ્દોનો ભંડોળ અને તેના અર્થ, પ્રાકૃત શબ્દકોશ, સંસ્કૃત ભાષાના શબ્દકોશ, અપભ્રંશ ભાષાના શબ્દકોશ વગેરે દ્વારા જૈનાચાર્યોને સુગમતા થઈ ગઈ કે કયા શબ્દનો શો અર્થ છે અને તેનો વિવિધ રીતે ઉપયોગ કરી શકાય.

જર્મનોએ ભારતીયો પાસેથી શબ્દ કોશ રચવાની પ્રેરણા પ્રાપ્ત કરી હતી. સંસ્કૃત ભાષાના શબ્દોનો જર્મન ભાષામાં અર્થ ધરાવતો કોશ 'વ્યોર્ટરબુખ' સાત મોટા વોલ્યૂમ છે. એક શબ્દકોશ એવો છે જેમાં શબ્દની ઉત્પત્તિ ક્યારે અને કઈ રીતે થઈ, સમય અનુસાર કયા-કયા પરિવર્તન આવ્યા તેની વાત છે. દા.ત. 'ધર્મ' શબ્દ છે તો એ શબ્દ સૌપ્રથમ એ શબ્દ કયા અર્થમાં વપરાયો અને ધીમે-ધીમે એની અર્થછાયા કઈ અને કેવી રીતે બદલાઈ એનું વિવરણ છે.

પ્રસિદ્ધ એવા અમરકોશ પર જૈનાચાર્યોએ કેટલાંક વિવેચનો લખ્યા છે. છંદોના બે ગ્રંથો પર આઠ વિવેચનો લખ્યા છે. અલંકારના ચાર ગ્રંથો પર ચૌદ વિવેચન લખ્યા છે. સંસ્કૃતમાં વ્યાકરણનો અભ્યાસ કર્યા પછી કોષોનો અભ્યાસ અને ત્યારબાદ મહાકાવ્યનો અભ્યાસ આવે છે. એ પાંચ મહાકાવ્યો પર જૈનાચાર્યોએ સુડતાલીસ જેટલા વિવેચન ગ્રંથો લખ્યા છે. જે અભ્યાસુઓને મદદરૂપ નીવડે છે. 'કિરાતાર્જુનીય' બહુ મહત્વનું કાવ્ય છે, જેની પૂજ્ય ધર્મવિજયજીએ એકદમ સરળ ટીકા લખી છે. જે કિરાતાર્જુનીયનો અભ્યાસુ હોય અને તેમની ટીકા વાંચે તો સરળ થઈ જાય. નૈષધીય મહાકાવ્ય પર રત્નચંદ્રગણિવરની 36000 શ્લોકમાં ટીકા લખી છે જે અનેક વિષયોને આવરી લે છે. રામચંદ્રસૂરિ મહારાજ પાસે એક પંડિત આવ્યા હતા અને તેઓ કહેતા કે તમારા શિષ્યોને માત્ર એક કાવ્ય ભણાવીને બે વર્ષમાં સંસ્કૃતમાં વિદ્વાન બનાવી દઈશ. એક કાવ્યને એવી રીતે ભણાવે કે તેના પ્રત્યેક અંગો તેમજ ભારતીય પરંપરા સાથેના સંબંધને સ્પષ્ટ કરીને વાત સમજાવે. ભારતીય પંડિતોની આ સામર્થ્ય હતું.

દસ ખંડકાવ્યો પર વીસ જેટલાં વિવેચન તેમજ ગદ્યકાવ્યો પર ચાર જેટલા વિવેચન અને નાટક, ભાષાકાવ્યો અને ન્યાયગ્રંથો પર પણ વિવેચન લખેલા મળે છે. નૂતન યશોવિજય મહારાજ જે ન્યાયમાં મોટા વિદ્વાન છે તેમના શિષ્યએ 90,000 શ્લોક પ્રમાણ રચ્યું હતું અને તેના પર ટીકા કરવામાં આવી હતી. સામાન્ય વિદ્વાન માટે સમજવું અઘરું હતું, તેના પર ટીકા લખાઈ હતી. ભારતમાં ન્યાય દર્શનશાસ્ત્રના મુખ્યત્વે બે ભાગ પડે છે પ્રાચીન ન્યાય અને મધ્ય ન્યાય. પ્રાચીન ન્યાય પદાર્થના વિવેચન પર વિચારણા કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે નવતત્ત્વની વિવેચના- પ્રાચીન દર્શન અને વિવેચનાને અનુસરીને વિવેચન કરવામાં આવે છે. પણ નવતત્વની વ્યાખ્યા પર વિવેચન કરવામાં આવે તો તે મધ્ય ન્યાય તરીકે ઓળખાય છે. જીવ શબ્દ અને જીવ શબ્દની વ્યાખ્યા કરવામાં આવે, વ્યાખ્યા નિર્દોષ બનવવા માટે જે કંઈ કરવામાં આવે તો તે મધ્ય ન્યાય કહેવાય. મધ્ય ન્યાયના પ્રણેતા ગંગેશ ઉપાધ્યાય હતાં. તેમણે મધ્યન્યાયની શરૂઆત કરી ત્યારબાદ શૈલી વિકસિત થઈ અને ભારતમાં તમામ શાખાએ આ શૈલીનો વિકાસ થયો. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે મધ્ય ન્યાય ભાષાનો ઉપયોગ કરીને ગ્રંથોની રચના કરી હતી. તર્ક ભાષા એમના

પ્રાથમિક ગ્રંથ ઉપરાંત ન્યાયલોક, સ્યાદવાદની ટીકાઓ આ જ શૈલીમાં લખી છે. ગંગેશ ઉપાધ્યાયનો ગ્રંથ 'તત્વચિંતામણી'ની સૌથી પ્રાચીન ટીકા જૈનાચાર્યો દ્વારા મળી છે જેનાથી એ ગ્રંથનાં મૂળ સુધી પહોંચી શકાય છે. જૈનાચાર્યોએ અન્ય ગ્રંથને સાચવવાના અનેક પ્રયાસો કર્યા છે.

વૈદકીય શાસ્ત્રના ગ્રંથો પર ૧૦૦ જેટલા વિવેચનો પ્રાપ્ત થાય છે. યોગ, નિતિ, ગણિતશાસ્ત્ર ઉપર પણ વિવેચનો રચાયેલા જોવા મળે છે. જૈનાચાર્યોએ ૨૧૮ જેટલાં વિવેચન અને અન્ય દર્શનશાસ્ત્ર પર રચ્યા છે. વૈદિક દર્શન :પૂર્વ મીમાંસા, ઉત્તર મીમાંસા, સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક છે. અવૈદિક દર્શનોમાં જૈન, બૌદ્ધ અને ચાર્વાક ત્રણ દર્શનો છે. વૈદિક દર્શનમાં ન્યાયદર્શન પર આધારિત 'ન્યાય સિદ્ધાંત મંજરી' નામના ગ્રંથના રચયિતા જાનકીનાથ શર્મા. યશોવિજયજીએ 1200 શ્લોકનું વિવેચન લખીને આશ્ચર્યમાં મૂકી દે છે. શુભ તિલક મહારાજે 'ગાયત્રીમંત્ર' પર જૈન ધર્મના અનુસાર વિવેચન કર્યું છે. ગાયત્રી મંત્રના ચોવીસ અક્ષરોને ચોવીસ તિર્થંકરની સ્તુતિના રૂપમાં રચી બતાવ્યું છે. એક શ્લોકના અનેક અર્થ કરવા જેવી કુશળતા જૈનાચાર્યોમાં જોવા મળે છે. અહીં પણ ગાયત્રી મંત્ર તો સૂર્યનો મંત્ર છે પણ એમાંથી તીર્થંકરને વંદન કરવા, ચોવીસ સ્તુતિ અને તેનું વિવેચન કરવું એવું અદભુત કાર્ય કર્યું છે. જૈનાચાર્યો પોતાની જ્ઞાનશક્તિ દ્વારા એક વાક્યમાંથી અઠલાખ વાક્યો લખી શકતા હોય તો ગાયત્રીમંત્ર પર ચોવીસ વાક્ય લખવા એ અઘરી બાબત ન બને. આપણે ત્યાં જે કોશ પરંપરા હતી તેમાં એક-એક અક્ષરનો પણ અર્થ પ્રાપ્ત થાય છે એટલે ગાયત્રી મંત્રના ચોવીસ અક્ષર પર લખવું સહેલું બની જાય.

એક સમયે સાલ રાજાના પંડિતોને એકઠા કર્યા અને ઉત્તમ શ્લોક પ્રાકૃત ભાષામાં રચવા કહ્યું. એમાં સાત લાખ જેટલી ગાથાઓ મળી એમાંથી છણાવટ કરીને સાતસો ગાથાઓ ની આકારણી કરી. એ ગ્રંથનું નામ ' ગાહસપ્તસયી' છે.એમાં ભારતીય રીતિ-રિવાજો, પરંપરા વિશે વાત કરે છે. એક ગાથા જોઈએ. એક કુટુંબ છે, પતિ બહારગામ ગયો છે. પતિ પરદેશ જાય છે ત્યારે  પત્ની ગર્ભવતી હોય છે, બાળકનો જન્મ થાય છે. ચોમાસાનાં દિવસોમાં નાનકડાં જીર્ણ થયેલ ઝૂંપડાનાં છાપરામાંથી પાણી ટપકતું હતું, બાળક સુઈ રહ્યું હતું અને ઘોડિયા પર પાણી પડી રહ્યું હતું. એ સમયે માતા છત્રીની જેમ એ બાળક પાસે ઊભી રહે છે જેથી બાળક ભીનું ન થાય, બીજી પંક્તિમાં કહે છે કે, તો પણ બાળક તો પાળ્યું જ કારણકે માતાની આંખોમાંથી આંસુ પડી રહ્યાં હતા જેનાથી બાળક પલળીયું. આ અદભુત કથામાં વાત્સલ્ય, ગરીબી જેવી વાતોને સાંકળી છે. અઢાર ટીકાઓ પ્રાપ્ત થાય છે તેમાંથી ત્રણ વિવેચન જૈનાચાર્યોએ લખ્યાં છે. 'કાવ્યપ્રકાશ' પર માણિક્યચંદ્રસુરીજી મહારાજે ટીકા લખી છે. બાણભટ્ટે કાદંબરી રચી છે. એમાં બાણભટ્ટે જે છંદ, અલંકાર,શબ્દપ્રયોગ, વિસ્તાર વગેરે આજે પણ અભ્યાસનીય છે. એક વાક્ય એક-બે વાક્યથી આરંભી પચાસ વાક્ય સુધી અનેક વિશેષણો વાપરીને

લખ્યું છે. ભાનુચંદ્રગણિએ અને સિદ્ધિચંદ્રગણિએ બાણભટ્ટ દ્વારા રચિત ‘કાદંબરી’ પર પણ વિવેચન લખ્યું છે. વિક્રમની સાતમી સદીમાં લખી અને સાતમી સદી પછી આ ગ્રંથ પર કોઈ વિવેચન લખ્યું જ નહતું. લગભગ 900 વર્ષ પછી જૈનાચાર્યોએ સૌ પ્રથમ ટીકા લખી અને ત્યાર પછી વિદ્વાનોએ ટીકાઓ લખવાનું શરુ કર્યું. મુસ્લિમ લખાણો ઉપર પણ જૈનાચાર્યોએ ટીકાઓ રચેલી છે. 'અબ્દુલ રહેમાન સંદેશરાસ' એક રાસ છે એમાં સંદેશની વાત કરી છે અને તેનું સંપાદન હરિવલ્લભ ભાયાણીએ કર્યું છે.

જૈનાચાર્યોએ જયારે પણ વિવેચન કર્યું છે ત્યારે મૂળ દર્શનને ધ્યાનમાં રાખીને જ વાત કરી છે ક્યાંય ભેળસેળ નથી કરી. ખંડન કરતી વખતે પણ ખૂબ ચીવટ રાખી છે. ભર્તુહરીએ ત્રણ શતક લખ્યાં છે : શૃંગાર શતક, નીતિ શતક અને વૈરાગ્ય શતક. કાવ્યની દ્રષ્ટિએ અત્યંત મહત્વના શતક છે.આજે પણ અભ્યાસ થાય છે. આ ગ્રંથ માટે અનેક વાત પ્રચલિત છે કે તેના અનેક મૂળ શ્લોકોમાં પરિવર્તન થયું છે. દામોદર ધર્માનંદ કોસાંબી મોટા ગજાના વિદ્વાન જેમણે પાલી ભાષાનો અભ્યાસ કર્યો હતો. તે સમયે પાલી ભાષા ભણવા માટે શ્રીલંકા જવું પડતું હતું અને તેઓ ગયા. બંગીય સંસ્કૃત મહાવિદ્યાલયમાં પરીક્ષા આપી અને તેમની પરીક્ષાના પેપરો તપાસવા  ડેવિસ પાસે ઈંગ્લેન્ડ મોકલવામાં આવ્યા હતા. એ સમયે અંગ્રેજે એક નોંધ લખીને મોકલી કે, ભારતમાં ધર્માનંદ સ્વામી નામના એક મોટા પંડિત છે તેમને જ પેપર તપાસવા આપો અમને મોકલવાની જરૂર નથી. ત્યારે વિદ્યાલયે લખીને મોકલાવું પડ્યું કે આ એ જ વિદ્વાન છે જેમણે પરીક્ષા આપી છે.ધર્માનંદ સ્વામીએ ષટ્કત્રયીનું સંપાદન ઉપગેશ ગચ્છના સિદ્ધસૂરિના શિષ્ય ધનસાગરે સંગ્રહ કરેલ પોથીમાંથી કરેલું. ભૂલોવાળા શતકોને સુધાર્યા પણ હતા જેથી શુદ્ધ પાઠ મળ્યા. એ આપણા માટે આ ગર્વની વાત છે.

આપણે ત્યાં સો વર્ષ પૂર્વે પંચતંત્રનું પ્રકાશન થયું, તેની કથાઓ અતિ પ્રચલિત છે. આ ગ્રંથ સૌ પ્રથમ જર્મનમાં પ્રકાશિત થયો. જર્મન સ્કોલરે હસ્તપ્રત પરથી સંપાદન કર્યું અને પછી પ્રકાશિત કર્યો. ચારેક વર્ષ પૂર્વે જર્મનીમાં એક સેમિનાર યોજવામાં આવ્યો હતો. એ પંચતંત્ર આપણા જૈનાચાર્ય પૂર્ણભદ્રસૂરિએ રચેલું.

જૈનાચાર્યોએ વિવેચનને સાંપ્રદાયિક રંગોથી સ્પર્શવાનો પ્રયાસ જરા પણ નથી કર્યો. જૈનાચાર્યોએ આ ટીકાઓમાં જે તે વિચારોનું ખંડન કરી પોતાના મતને યોગ્ય રીતે ઢાળ્યા છે. આમ, જૈનાચાર્યોએ કેટલાક વિષયો અને કેટલાંક ગ્રંથોની અસંખ્ય રીતે ટીકાઓ કરી છે પરંતુ કોઈનું ખંડન કરતાં સાથે સાથે પણ પોતાના મત ને સુંદર રીતે વ્યક્ત કર્યા છે અને જે આજે જૈન સાહિત્ય અને જૈન સમાજ પાસે ઉપલબ્ધ છે તે જૈનાચાર્યોની અમૂલ્ય યોગદાન છે. જૈનાચાર્યોની સમ્યક દ્રષ્ટિ જ છે જે તેમને બીજા દર્શન કરતાં જુદી પાડે છે. કેટલીક વખત મૂળ ગ્રંથોની અનુપસ્થિતિ હોવાની હોવાને કારણે તે પ્રાપ્ત થઈ શકતા નથી પરંતુ તેના

પર થયેલા વિવેચનગ્રંથો તે મૂળ ગ્રંથ ને હુબહુ વ્યક્ત કરે છે. એટલે વિવેચન ગ્રંથો ખુબ ઉપયોગી છે. સમાજ પાસે યોગ્ય જ રીતે અમૂલ્ય સંપત્તિ છે.